BCEF/2003. Date :- 10 / 01/2003

Dear sir,

You are well aware about activities of Bharuch Civil Engineers Forum (BCEF) which has been formed in Bharuch since last about 18 months. The basic motto of BCEF has been “service to society”. BCEF believes that civil engineers can contribute the maximum to the growth of the society by virtue of their knowledge as well as experience. In every mode & aspects of the life, Civil engineering can be seen - either directly of indirectly.

The highlights of the activities of BCEF include, public discussion on issues of “Assessment of life of Golden Bridge” by the eminent bridge experts of India, “Public awareness open seminar for building repair techniques”. during these discussion, the technocrats had given many solutions of evaluating the Golden bridge, strengthening methods for the bridge & valuable suggestions to preserve this monument. One of the suggestions agreed by almost all personalities, was construction of a weir across the river at its most economical location. This will not only solve the problem of connectivity between twin cities - Bharuch & Ankleshwar which is likely to be hampered after the Golden bridge completes its life shortly, but also stop the ingress of salinity inside the river from its west side (sea side) & improve the water quality in Narmada river near Bharuch.

This proposal has also been appreciated by the Collector Bharuch, who handed over the same to Hon’ble CM during his visit to Bharuch & Ankleshwar about 5 months back Notable point is that even CM has accepted this proposal & has assured to give due momentum to this issue. An example of this is a similar weir across Mahi river which has recently gone into construction. Similar weir is existing across river which has recently gone into construction. Similar weir is existing across river Tapi in Surat since last 8 years. Recently on 29/08/2002, an in-house deliberation on this subject was also made in front of the members of BCEF by an eminent civil engineer & member of BCEF Er. M.K.Barot.

The issue is very serious & requires brain storming of responsible citizens of Bharuch & Ankleshwar, who can suggest the likely alternatives / solutions of the issue & bring public awareness & put the same before the right authorities in the Government.

Sir! You being one of the eminent personalities in the town, who cares for the solution to the problems prevailing around, we invite you in the meeting is organised for the same purpose at 10.00 AM on 19/01/2003 at the Seminar Hall of SVM Institute of Technology in college campus Nr.M.K.Commerce College.

BCEF requests you to please participate in above meeting without fail to show your concern with the noble cause as explained above.

Thanking you

Yours Faithfully,
For BCEF

G.G.Nankani,
President.

સુજ્ઞ મહોદય શ્રી,

ભરૂચ સીવીલ એન્જીનીયર્સ ફોરમ (ફોરમ)ની સ્થાપના આજથી લગભગ ૧૫ મહિના અગાઉ થઈ હતી. ફોરમ ની સ્થાપના ફકત નિસ્વાર્થ સમાજસેવાના હેતુથી જ કરવામાં આવી છે. સીવીલ એન્જીનીયર વર્ગ, સમાજની પ્રગતિ માટે મહત્તમ યોગદાન આપી શકે તેમ છે. કારણકે સામાજિક વિકાસના દરેક તબક્કે સીવીલ એન્જીનીયર, પોતાની કાર્યકુશળતા દ્વારા આ વિકાસકાર્યોમાં નોંધપાત્ર ફાળો આપી શકે તેમ છે. ફોરમને એ વાતનો વિશેષ આનંદ અને ગર્વ છે કે આપ ફોરમની વિવિધ પ્રવૃત્તિ માંથી વાકેફ છે.

ગયા વર્ષમાં ગોલ્ડન બ્રીજની ક્ષમતાની ચકાસણીના વિષય ઉપરની નિષ્ણાતો દ્વારા પરિચર્ચા કેન્દ્રસ્થાને હતી. ભારત ભરમાંથી આ વિષયમાં પારંગત અને પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં મોભાદાર હોદ્દો ધરાવનાર નિષ્ણાંતો થકી આ પરિચર્ચાનું આયોજન ફોરમ દ્વારા કરવામાં આવ્યુ હતુ. ગોલ્ડન બ્રીજની ક્ષમતા સુધારવાને લગતા ઘણા અપવાદોની સમિક્ષા આ પરિચર્ચામાં થયેલ. તેમાં કરવામાં આવેલ વિવિધ સુચનો પૈકી નર્મદા નદીમાં ભરૂચ નજીક વીયરની રચના નું પણ એક સુચન હતુ. ગોલ્ડન બ્રીજ જો થોડા વર્ષ પછી કાર્યરત ના રહે (જેની શકયતા ઘણી મજબુત છે.) તો ભરૂચ, અંકલેશ્વર વચ્ચે હળવા વાહન-વ્યવહારની સમસ્યા ઘણી ગંભીર બની શકે છે. આ સંજોગોમાં આવા વીયરની રચનાથી ઉપરોકત સમસ્યાનો પરિણામ લક્ષી ઉકેલ આવી શકે.

આ ઉપરાંત દરીયાઈ ખારાશ ને નર્મદા નદીમાં લગભગ ભરૂચ સુધી પ્રસરી ગઈ છે. તેને આગળ વધતી અટકાવવી શકાય. આમાં વીયર - આડબંધ ખૂબ ઉપયોગી બની રહે. એક વધારાનો પેટા પ્રશ્ન નર્મદા બંધની રચનાથી નર્મદા નદીમાં ઉપરવાસમાંથી આવતા પાણીની આવકમાં ઘટાડો થવાથી દરીયાઈ ખારાશને વધુ આગળ વધવાનો મોકો મળેલ છે. તેનો પણ ઉકેલ આ આડબંધની રચનાથી આવી શકે. કારણકે આડબંધ થવાથી પાણીનો જથ્થો સંગ્રહ કરી શકાય અને તેની બીજી બાજુથી ખારાશ આવતી પણ અટકાવી શકાય.

આપને જાણીને આનંદ થશે કે ફોરમે આ મુદ્દાને અપનાવ્યો છે અને તેને મુર્તિમંત કરવા કટીબધ્ધ છે. જૂન ૨૦૦૨માં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ભરૂચ યાત્રા વખતે ભરૂચના વિકાસમાં અડચણરૂપ પ્રશ્નોની જાણકારી અંગે ભરૂચના કલેકટર દ્વારા ફોરમને પૂછવામાં આવ્યુ હતુ ત્યારે ફોરમ એ આજ પ્રશ્નને તેની યોગ્ય છણાવટ સાથે આગળ ધર્યો હતો. એ જ માત્રામાં આ પ્રશ્ન જયારે મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુ થયો ત્યારે તેઓએ પણ આ પ્રશ્નને ધ્યાનથી સાંભળ્યો હતો અને તેના પરિણામલક્ષી ઉકેલ માટે સરકાર તરફથી બધી જ સગવડો તથા મંજુરી આપવાની ખાત્રી આપી છે. નર્મદા નદીના સંજોગો જેવા જ સંજોગો મહિ નદીમાં સર્જાયા હતા અને ત્યાં પણ તાજેતરમાં જ સરકારની મંજુરી મળ્યા બાદ વીયરનું

બાંધકામ શરૂ થયુ છે. સુરતમાં પણ તાપી નદી ઉપર આવા પ્રશ્ન ના નિકાલ માટે આવો વીયર છેલ્લા ૮ વર્ષથી કાર્યરત છે. આ વીયરનો ઉંડાણથી અભ્યાસ કરીને તેની સંપૂર્ણ ટેકનીકલ માહિતી સાથે ભરૂચના નિષ્ણાંત સીવીલ એન્જીનીયર અને ફોરમના સભ્ય શ્રી મહેશ બારોટે તા. ૨૯/૭/૨૦૦૨ના રોજ, ફોરમના સભ્યો સમક્ષ પ્રવચન આપ્યુ હતું.

આ મુદ્દો ગંભીર છે અને તેને કાર્યક્ષમ અભિગમથી ઉપાડવો જરૂરી છે. પરંતુ તેને પરિણામલક્ષી પ્રયત્નોથી યોગ્ય ગતિ આપીને આગળ વધારવા માટે, તેની યોગ્ય રજુઆત કરી તેમ મંજુરી મેળવવા માટે અને આ યોજનાને સાકાર કરવા માટેના નક્કર પ્રયત્નો આપ જેવા ભરૂચ અને અંકલેશ્વરના હિતેચ્છુ જવાબદાર અને નિષ્ઠાવાન નાગરીકોના સહકાર વગર અધુરૂ છે. લોકજાગૃતિ અભિયાન ચલાવવું, વ્યવસ્થિત મુદ્દાસર અને શ્રેણીબધ્ધ આધિકારીક રજુઆત કરવી. તેને માટે ફોલો અપ કરવુ. આ યોજના માટે આર્થિક સહાયના સ્ત્રોતની જાણકારી ઉભી કરવી. આ બધાજ મુદ્દાઓમાં ખંત અને વિચક્ષણ પ્રયત્નોની જરૂર હોય છે. આથી આ બધાને માટે આપના સુચનો તથા આપના સહકારની ફોરમને  અપેક્ષા છે.

આગળ  જણાવ્યા પ્રમાણે આપ ઉપરોકત પ્રશ્નના ઉકેલમાં મહત્વનું યોગદાન આપી શકો તેમ છે. આપે ભૂતકાળમાં પણ આવા પ્રશ્નોના ઉકેલ પ્રત્યે આપનો લગાવ આપના હકારાત્મક વલણ દ્વારા દર્શાવ્યો છે, ત્યારે ભરૂચ સીવીલ એન્જીનીયર્સ ફોરમ આપની સમક્ષ આપના મહામુલા સુચનો અને સહકાર માટેની વિનંતી કરે છે.

આ બધાજ મુદ્દાની વિસ્તૃત ચર્ચા કરવા માટે ફોરમ દ્વારા એક મિટીગનું આયોજન સેમીનાર હોલ એસ.વી.એન ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી કોલેજ કેમ્પસ ભરૂચ ખાતે તા. ૧૯/૦૧/૨૦૦૩ ના દિવસે સવારે ૧૦.૦૦ વાગે કરવામાં આવ્યું છે. આપને તેમાં હાજર રહી આપના તરફથી સુચનો જણાવવા તથા સહકારનો હાથ આગળ કરવા નમ્ર વિનંતી છે.
આભાર
આપનો વિશ્વાસુ

જી. જી. નાનકાની
(પ્રમુખ.)

❖ ભરૂચ સીવીલ એન્જનીયર્સ ફોરમની સ્થાપના તા. ૧/૫/૨૦૦૧ ના દિવસે થઇ હતી જેમાં ભરૂચ તથા અંકલેશ્વરના ઝડપી વિકાસ. પામી રહેલા ઔદ્યોગિક એકમોના સીવીલ એન્જનીયર્સ જોડાયા હતા.
❖ ફોરમ નું રજીસ્ટ્રેશન સોસાયટી ધારા હેઠળ રજી.નંબર GUS/847/Bharuch માં થયેલ છે.
❖ ફોરમ ના સભ્યોની સંખ્યા ૭૦ થી વધારે છે જેમાં ઔદ્યોગિક એકમમાં કામ કરતા, સરકારી ઓફીસમાં કામ કરતા અને વ્યાવસાયિક રીતે કામ કરતા સીવીલ એન્જીનીયર્સ સભ્યો છે.

➢ ફોરમ ની સ્થાપનાના ઉદ્દેશો.

❖ સમાજને ઉન્નત જીવન શૈલી આપવા ના ઉદ્દેશ્યથી સામાજીક સેવા કરવી, અને સ્થાનિક પ્રશાસનને આંતરીક સુવિધાઓ પૂરી પાડવા માં મદદ કરવી.
❖ વિવિધ બાંધકામની ગુણવત્તામાં સતત સુધારા કરવા માટે જાગૃતિ લાવવી.
❖ પર્યાવરણની જાળવણી માટે લોકજાગૃતિ લાવવી.
❖ સીવીલના વ્યવસાયના કારીગરો અને સુપરવાઈઝરોને વ્યવસાયલક્ષી તાલિમ આપવી.
❖ સ્થાનિક રીતે મળતી બાંધકામની સામગ્રી અને નવા સંશોધિત બાંધકામના મટીરીયલની માહિતી વચ્ચે સુસંગતતા વિકસાવવી.
❖ ગ્રામિણ વિકાસ એકમ ની સ્થાપના કરવી.
❖ સીવીલ એન્જીનીયર્સ વચ્ચે વૈચારિક તથા શૈક્ષણિક અનુભવો નુ યોગ્ય આદાન પ્રદાન થાય તેવા પરિબળો ઉભા કરવા.

➢ ફોરમની સ્થાપનાના ઉદ્દેશોને સિધ્ધ કરવા માટે ફોરમ દ્વારા નીચે જણાવેલ પ્રવૃત્તિઓનું આયેજન છેલ્લા ૨૦ મહિનામાં કરવામાં આવ્યુ હતુ.
❖ “Modern Techniques of Repairs & Maintenance of buildings” ઉપર મુંબઇ સ્થિત સુનંદા સ્પેશીયાલીટી કેમીકલ્સ ના મેનેજીંગ ડાયરેકટર શ્રી.એસ.કે. માંજરેકર ના વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યુ હતું.
❖ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ દ્વારા રેકોન ૩S નામની પ્રોડકટ ની જાણકારી અંગે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યુ હતું.
❖ ધરતીકંપના કારણો અને પરિણામોની સમિક્ષા સીવીલ એન્જીનીયરીગ ના દ્રષ્ટિકોણ થી એસ.વી.આર એન્જીનીયરીગ કોલેજના ડો. એન સી.વ્યાસ દ્વારા કરવામાં આવી.
❖ ભરૂચ તથા અંકલેશ્વર વચ્ચેના સતત સંપર્ક વિકલ્પોની સમિક્ષા તે વિષય ઉપર નિષ્ણાતો દ્વારા ભરૂચની ગોલ્ડન બ્રિજ વિશે પરિચર્ચા દરમ્યાન કરવામાં આવી.
❖ વાસ્તુશાસ્ત્ર તથા અલગ અલગ શકિતઓની એકસુત્રતા ઉપર આર્કિટેકટ સી. રોહિત ગણાત્રા દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામા આવ્યું

➢ ભરૂચ શહેરની સળગતી સમસ્યાઓ :-

❖ જમીન / પાણીમાં ખારાશનો વધારો જેનાથી ધરતીની ફળદ્રુપતામાં ઘટાડો થાય.
❖ પાણીમાં ખારાશ અને તેની માત્રામાં ઘટાડાને કારણે પીવાના પાણીની સમસ્યા

- ❖ ભરૂચ અને અંકલેશ્વર વચ્ચે દ્વિચકી વાહનો દ્વારા સંપર્કની સમસ્યા
- ❖ ઔદ્યોગિક એકમોમાં કામ આવતા પાણીની સમસ્યા

➢ ભરૂચ તથા અંકલેશ્વર વચ્ચેના સંપર્કની વૈકલ્પિક સુવિધા ઉપર સ્ટીલબ્રિજ ના નિષ્ણાતો દ્વારા પરિચર્ચા ફોરમના ઉપક્રમે યોજવામાં આવી હતી. એમાં કે.બી.મહેતા કંપનીના પાર્ટનર શ્રી જી.એન.તાંબે, મહારાષ્ટ્ર સરકારના બાંદ્રા - વરલી દરીયાઈ સંપર્ક યોજનાના સલાહકાર શ્રી. એ.ડી.ભોબે, પશ્ચિમ રેલ્વેના પૂલના મુખ્ય ઈજનેર શ્રી ટી.એસ.બી.સીંગ તથા કેનેડાની લી ઈન્ટરનેશનલના શ્રી એમ.મજદાબાદી એ ભાગ લીધો હતો. આ પરિચર્ચાની અધ્યક્ષતા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવેલપમેન્ટ બોર્ડના અધ્યક્ષ તથા મેનેજીંગ ડીરેકટર શ્રી રવિ સકસેના - આઈ.એ.એસ. એ કરી હતી. તથા શ્રી જે.ડી.શાહૂ અધીક્ષક ઈજનેર (મા.મા) એન્કરની સેવાઓ આપી હતી. અને આ પરિચર્ચા દરમ્યાન ભરૂચના કલેકટર શ્રીમતિ અંજુ શર્મા એ પણ હાજરી આપી હતી.

આ પરિચર્ચામાં નીચે જણાવેલ મુદ્દાઓની ચર્ચા કરીને પરિણામોની છણાવટ કરવામાં આવી હતી જે કલેકટરશ્રી મારફતે યોગ્ય સ્થાને મોકલવામાં આવી છે.

- ❖ ગોલ્ડન બ્રીજની કાર્યકાળ હવે પૂરો થવામાં છે અને નર્મદા નદી ઉપર હવે અન્ય વૈકલ્પિક સંપર્ક સેતુ ઉપર ગંભીર વિચારણા કરવાની જરૂર છે.
- ❖ ગોલ્ડન બ્રીજને હવે એક પૌરાણિક ઐતિહાસિક સ્થાપત્ય તરીકે સાચવવો જોઈએ.
- ❖ રેલ્વે તંત્ર આવા ઘણા લોખંડના પૂલની મરામત તથા જાળવણીનું કામ કરવાનો અનુભવ છે. તેઓની કાર્યશૈલીનું અનુકરણ પી.ડબલ્યુ.ડી. એ કરવાની જરૂર છે.
- ❖ નદીના બંને પટનો વિકાસ કરવો જરૂરી છે.
- ❖ ગોલ્ડન બ્રીજના પાયાનું યોગ્ય નિરીક્ષણ કરવા માટે યોગ્ય પધ્ધતિ અપનાવવી જોઈએ.
- ❖ એકસ્પાન્શન જોઈન્ટને એપોકસી મટીરીયલ્સથી બદલવા જોઈએ.

➢ નર્મદા નદી ઉપર કોઝવે  કમ વીયર :- પરિબળો

- ❖ એશીયાની મોટામાં મોટી  ઔદ્યોગિક વસાહત અંકલેશ્વર, પાનોલી તથા ઝગડીયા ખાતે આવેલી છે અને આ બધે જ ઠેકાણે પાણીની ગંભીર સમસ્યા થવા લાગી છે. પાણીની વધતી જરૂરીયાતોને આ વીયર દ્વારા પૂરી કરી શકાય જેથી ઔદ્યોગિક વિકાસને પણ વેગ મળે. દહેજ ખાતેની મહા ઔદ્યોગિક વસાહત ને પણ આ વીયરથી તેઓની પાણીની જરૂરીયાતો બાબતે ફાયદો થઈ શકે તેમ છે. ટૂંકમાં ૧૦૦૦ મીલીયન લીટર પર ડે (એમ.એલ.ડી.) પાણીની ઔદ્યોગિક ખેતી ઉપયોગી અને સામાજિક જરૂરીયાતોને આ યોજના દ્વારા પૂરી કરી શકાય તેમ છે.

- ❖ આ યોજના દ્વારા લગભગ ૪૦૦૦ હેકટર જમીનમાં સિંચાઈ પૂરી પાડી શકાય તેમ છે જેથી ઉત્પાદકતામાં રૂા. ૨૦.૦૦ કરોડનો વધારો કરી શકાય.

❖ એક સુચન પ્રમાણે ભરૂચ જિલ્લાની ૫૫% જમીન સન ૨૦૦૫ સૂધીમાં ખારાશના વધારાના પ્રતાપે ખરાબ થઈ જશે. આ યોજના દ્વારા ઉપરવાસમાં પાણીનો સંગ્રહ થતા આ સમસ્યાનો હકારાત્મક ઉકેલ લાવી શકાય. આ ખેતી માટે ઘણો સારો ઉકેલ કહી શકાય.

❖ આ યોજના દ્વારા ભરૂચ અને અંકલેશ્વરની પીવાના પાણીની ગંભીર સમસ્યાનો પણ ઉકેલ આવી શકશે.

❖ ભરૂચ ઈકો એકવા ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની દ્વારા એફ્લ્યુઅન્ટ પાઈપલાનની યોજના તેના શરૂ થવાના અંતિમ તબક્કામાં છે. આ યોજનામાં પાઈપલાઈન દરીયામાં ઘણે અંદર લઈ જનાર છે. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૧૨૦ કરોડ છે. વીયર ઉપરથી આ પાઈપલાઈન લઈ જવામાં આવે તો પાઈપલાઈન ની યોજનાનો ખર્ચ ઘટી શકે તેમ છે.
આ યોજનાનો આડકતરો લાભ દક્ષિણ ગુજરાતને મળી શકે તેમ છે. કારણકે વિયરની યોજનામાંથી પાણીની સમસ્યાનો ઉકેલ આવી શકે, તો નર્મદા અને તાપી ની નહેરોમાંથી લેવામાં આવૂ પાણી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફ લાવી શકાય.

❖ આ યોજનામાં રોકેલ નાણા નીચે જણાવેલ રીતે વસુલ કરી શકાય.
- નદીના પટનો વિકાસ
- મત્સ્યોદ્યોગ
- પાણીનો ભરૂચ / અંકલેશ્વર / ઝગડીયા / દહેજ / વિલાયતમાં ઔદ્યોગિક અને સામાજિક ઉપયોગ

➢ ભરૂચની હાલની વસ્તી : ૧૩,૭૦,૧૦૪

| | | |
|---|---|---|
| વાહનો - | દ્વિચક્રી | ૧,૧૨,૮૨૧ |
| | ત્રીચક્રી | ૧૦,૦૭૪ |
| | ચતુષ્ચક્રી | ૧૫,૭૬૮ |

➢ આ યોજનાના ફાયદા :-

❖ લગભગ ૧૫૦૦૦ વાહનોની ભરૂચ અને અંકલેશ્વર વચ્ચે દરરોજ આવનજાવન થાય છે. આ અવરજવર નેશનલ હાઈવે દ્વારા શકય જ નથી. તેને ગોલ્ડન બ્રિજ અથવા તેનો વૈકલ્પિક વ્યવસ્થા દ્વવારા જ કરવી પડે તેમ છે.

❖ દહાણુ - દ્વારકા વચ્ચે દરીયાઈ હાઈવે વચ્ચે ફકત નર્મદા નદી ઉપર જ સંપર્ક નથી. આ વીયર બની જવાથી સુરત અને દહેજનું અંતર લગભગ ૪૦ કિલો.મીટર ઘટી જવાની શકયતા છે. અંકલેશ્વર અને દહેજ વચ્ચે પણ અંતર લગભગ ૨૦ કિલોમીટર ઘટી જવાની શકયતા છે.

❖ નદીના પટના વિકાસ દ્વારા તેને પર્યટન સ્થળ તથા જલક્રીડાંગણ તરીકે વિકસાવવાની પણ ઘણી શકયતા છે.